Website : www.jivdayamandli.org
Email : shreejivdaya@gmail.com sanjay@jivdayamandli.org
ઑગસ્ટ ૨૦૧૫
શ્રી મુંબઈ જીવદયા મંડળી દ્વારા પ્રકાશિત

# જીવદયા

VOL. 34 - Issue No. 08 - Mumbai - August 2015 - Price : Rs.5/- Page : 32



# શ્રી મુંબઈ જીવદયા મંડળીના આધારસ્તંભો



જીવદયા પ્રવૃત્તિના પિતામહ
દયાલંકાર
સ્વ. શ્રી લલ્લુભાઈ દીપચંદ ઝવેરી



પ્રાણી મિત્ર
સ્વ. જયંતીલાલ નારદલાલ માન્કર



પ્રાણી મિત્ર
સ્વ. દશરથભાઈ એમ. ઠાકર

## પ્રતિવર્ષ લાખો રૂપિયા ખર્ચીને પ્રત્યક્ષ અભયદાન આપતી એકમાત્ર સંસ્થા

### છેલ્લાં બે વર્ષમાં બચાવેલાં જીવોની વિગત

| વર્ષ | ગાય | વાછરડા-વાછરડી ધાવણાં | બળદ-ભેંસ પાડા-પાડી | બકરાં-ઘેટાં | ઘોડા-ગધેડાં વગેરે | કૂતરાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| એ-૧૪થી માર્ચ-૧૫ | ૧૯૭૭ | ૨૨૬૯ | ૦૪૯૬ | ૦૪૭૩ | ૦૧૭૬ | — | ૫૩૯૩ |
| જુલાઈ ૨૦૧૫ | ૬૮૭ | ૯૧૧ | ૦૧૩૫ | ૦૦૨૨ | ૦૦૧૩ | — | ૧૭૬૮ |

## શ્રી મુંબઈ જીવદયા મંડળીના કાર્યની રૂપરેખા

ખાનગી પકડાયેલા તમામ પશુઓને કતલખાનેથી, બૃહદ મુંબઈ મ્યુનિ. ના કેટલ પોન્ડમાંથી, સરકારી ડેરીઓમાંથી, કાઢી નંખાયેલા અસંખ્ય ગો-વંશજોને, થાણા મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, નાલાસોપારા, વગેરે નગરપાલિકાઓ દ્વારા પકડાયેલા રઝળતા ઢોરોને લીલામ દ્વારા ખાટકીવાડે જતા અટકાવવા માટે, મહારાષ્ટ્ર સરકારને સમજાવી, લીલામની પ્રથા બંધ કરાવી બધાં ઢોરો મંડળીને સોંપવાનું નક્કી કરાવ્યું છે. અને મ્યુનિ.પાસેથી બધા જીવો ખરીદીને બચાવીલેવાની જવાબદારી મંડળીએ સ્વીકારી છે. તેથી આ બધા જીવોને મંડળી ખરીદીને અભયદાન આપે છે.

આ પ્રવૃત્તિમાં પ્રતિવર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. ઉપરાંત મંડળીના બે પશુઆશ્રયસ્થાન સકવાર તથા ભાલીવલીમાં નિભાવવામાં આવતા આ પશુઓનો ખર્ચ અત્યારે પ્રતિદિન ૫૫૦૦૦/- જેટલો થવા જાય છે.

અહિંસક સમાજની જીવદયા અને અભયદાનની પરમ ઉપાસના ઉપર શ્રદ્ધા રાખી મંડળીએ હજારો અબોલ જીવો છોડાવવાની અને ખાધા ખોરાકીની મોટી જવાબદારી સ્વીકારી લીધી છે.


: પ્રમુખ :
શ્રી પ્રાણલાલભાઈ શેઠ વેકરીવાલા-ટ્રસ્ટી
: ઉપપ્રમુખો :
શ્રી સુરેશભાઈ દેવચંદભાઈ શાહ-ટ્રસ્ટી
શ્રી હસમુખભાઈ સી. શેઠ-ટ્રસ્ટી
: માનદ્ મંત્રી :
શ્રી યોગેશભાઈ અમીચંદ જવેરી
શ્રી ભરતભાઈ અમુલખભાઈ વીરાણી
: માનદ્ ખજાનચી :
શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ સંઘવી
: ટ્રસ્ટીઓ :
શ્રી દામજી લાલજી એંકરવાલા
શ્રી કિશોરભાઈ બી. સંઘવી
શ્રી સંજયભાઈ બી. કોઠારી (અમદાવાદ)
: સન્મા. સભ્યો :
શ્રી અશ્વિનભાઈ એમ. મહેતા
શ્રી જયસુખલાલભાઈ આર. વોરા
શ્રી શૈલેષભાઈ એ. જવેરી
શ્રી શૈલેષભાઈ આર. દોશી (દેપલાવાલા)
શ્રી નાનાલાલભાઈ એલ. શાહ
શ્રી પિયુષભાઈ વી. શાહ,
શ્રી ભરતભાઈ કે. મહેતા
શ્રી રમેશભાઈ વી. શાહ

Public Trust Regd. No. F-164(Mum.) Date 23-5-1953

# THE BOMBAY HUMANITARIAN LEAGUE
# મુંબઈની શ્રી જીવદયા મંડળી

મુખ્ય ઓફિસ : દયા મંદિર, બીજે માળે, શારદા હોટલની ઉપર, ૧૨૩/૧૨૭ મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૩.
Ph.No. (022) 23425574 & 23446024. Website : www.shreejivdaya.com Email: shreejivdaya@gmail.com

## અહિંસા પરમો ધર્મ

ધી બોમ્બે હ્યુમેનિટેરીયન લીગ (શ્રી મંબઈ જીવદયા મંડળી) વતી આપને ધન્યવાદ આપીએ છીએ. આપ સૌ વગર માંગે અવીરત જીવદયા માટે રકમો મોકલો છો. સંસ્થા ૧૦૬ વર્ષ જુની છે જેની જાણ આપશ્રીઓને છેજ. સંસ્થામાં પશુઓનો ઉત્તમ રીતે નિભાવ થાય છે. હાલે અંદાજીત નાના મોટા ૧૬૦૦ ગોવંશ પશુઓના નિભાવ કરી રહી છે. પોલીસ ખાતા દ્વારા પકડાયેલ કત્લખાને જતા અબોલ પશુઓ જે આ સંસ્થા નિસ્વાર્થ અને જીવદયાની કરૂણાને ભાવ રાખી સહર્ષ સ્વીકારી જીવન પર્યન્ત નિભાવ કરે છે. સંસ્થાંમાં સારા ગોવંશ સાથે જ અબોલ પશુઓ, અપંગ, બિમાર, વયોવૃધ્ધ અને નકામા પશુધનને પણ વહાલસોયા બાળકને પણ કદાચ ના સાચવે તેનાથી પણ વિશેષ માવજત અને સમય તથા ત્રપતું અનુસાર કાળજી લેવામાં આવે છે. આ જીવદયા સંસ્થા આ નિશાળ પશુધનનો નિભાવ કરી રહી છે. ગોવંશ પશુઓના નિભાવનો દૈનિક ખર્ચ ૭૦,૦૦૦/- આવે છે. હવે ઘાસચારો અતિશય મોંઘો થતા અને મોંઘવારી માઝા મુકી રહી હોવાથી પગારો પણ વધારવા પડે છે.

જીવ છોડવવા રકમ આવે છે. પરંતુ તેને નિભાવવા કેમ એ મોટી મુશ્કેલ છે. **સુકુ ઘાસ ૬ થી ૭ રૂપિયા કીલો અને એક ઢોરને રોજનું ૫-૬ કીલો અપાય છે** જેથી નિભાવ ખર્ચ વધી જાય છે. બે વર્ષથી મોટી નુકશાની થઈ રહી છે. આપણે તો કતલખાને જતા ઢોર નિભાવવા પડે છે અને સંસ્થા આ કાર્યમાં કોઈ પણ કસર છોડતી નથી. સંસ્થાને ઢોર રાખવા માટે જગ્યાની અછત કોઈ દાનવીર સંસ્થાને મુંબઈ અમદાવાદ હાયવે વચ્એ ૧૦૦/૧૫૦ એકર જગ્યા આપે તો સંસ્થાનું કાર્ય આગળ વધી શકે. દાનથી અથવા વ્યાજવી કીંમત પણ માંગી શકે છે.

સંસ્થા દ્વારા દર વર્ષે જીવદયાપ્રેમી એવોર્ડ આપવામાં આવે છે. જીવદયાના કાર્યમાં પ્રોત્સાહન મળે આ હેતુથી પશુકલ્યાણ-સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે ૨૫ વર્ષથી વધુ સારા યોગદાન આપણારા કોઈપણ ભારતીય નાગરીક ભાઈને જીવદયાપ્રેમી એવોર્ડથી નવાજવામાં આવે છે. આજ સુધી સાત પશુ-પક્ષી પ્રેમીને આ એવોર્ડથી નવાજવામાં આવેલ છે. સંસ્થા દ્વારા સન ૨૦૧૪-૧૫ના સાતમો જીવદયા પ્રેમી એવોર્ડ માટે કાર્યવાહી ચાલુ છે. જીવદયાપ્રેમી એવોર્ડના પંચમંડલમાં પુર્વ ન્યાયમૂર્તી પદમભૂષણ ડૉ. ચંદ્રશેખર ધર્માધિકારી, પ્રસિદ્ધ ભાગવતકથાકાર પ.પુ.શ્રી. ભુપેન્દ્રભાઈ પંડ્યા, પદમશ્રી કુમારપાલભાઈ દેસાઈ અને એસ.એન.ડી.ટી. ના પુર્વ વાઈસ ચાન્સલર પ્રોફેસર રૂપા શાહ ઈ.ઈ. નો સમાવેશ થાય છે.

આ સંસ્થાના સેવાભાવી સભ્યો નિઃસ્વાર્થ ભાવેથી સેવા આપી રહ્યા છે સર્વ જ્ઞાતિના સંસ્કારી, સેવાભાવી, ધાર્મિક સભ્યો આ શુધ્ધ કાર્યમાં સેવા આપી રહ્યા છે. પયુર્ષણ પર્વ નજીક છે. ચાતુર્માસ ચાલુ થઈ ગયેલ છે. હજારો જીવોની આંતરડી ઠારવા જેવુ બીજુ કોઈ પુણ્ય નથી. આ સતકાર્યોમાં મન પરોવી જીવનને ધન્ય બનાવી ઉજ્જવળતાને વરીયે

***''જીવદયા''માં પ્રકાશિત વિચારો લેખકોના પોતાના છે. મુંબઈ જીવદયા મંડળી કે તંત્રી એ વિચારો સાથે સહમત હોય તે જરૂરી નથી.***

દાનવીરોને નમ્ર અપીલ કરીએ છીએ.

આપશ્રીને અમારી નમ્ર અપીલ છે કે આપની સંસ્થાંમાં આવતા જીવદયાના ફંડમાંથી આ સંસ્થાને યાદ કરી છુટા હાથે દાન મોકલશોજી. **આપણી તો કુળદેવી જીવદયા છે** આપશ્રી જીવદયા પ્રત્યે ઉદાર દિલથી સારી એવી રક્કમ નોંધાવી પુણ્યનું ભાથું બાંધશોજી. આપના દાનની રકમનો એક એક પૈસો અણીશુધ્ધ રીતે મૂંગા અબોલ પશુઓના સંવર્ધનમાંજ ખર્ચાશે એની ખાતરી આપીએ છીએ.

**તમારા ચેક અથવા ડ્રાફ્ટ The Bombay Humanitarian League ના નામો મોકલી આપશો.**

**ધી બોમ્બે હ્યુમેનિટેરીયન લીગ (શ્રી મુંબઈ જીવદયા મંડળી) વતી**

| | | |
|---|---|---|
| પ્રમુખ(ટ્રસ્ટી) | : | શ્રી પ્રાણલાલભાઈ આર. શેઠ (વેકરીવાળા) |
| ઉપપ્રમુખ (ટ્રસ્ટી) | : | લાયન શ્રી સુરેશભાઈ ડી. શાહ-ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ સી. શેઠ |
| ખજાનચી | : | શ્રી પ્રવિણભાઈ પી. સંઘવી |
| ઓન. સેક્રેટરી | : | શ્રી યોગેશભાઈ એ. જવેરી અને શ્રી ભરતભાઈ એ. વિરાણી |
| ટ્રસ્ટીઓ | : | શ્રી દામજીભાઈ એલ. એંકરવાળા-શ્રી કિશોરભાઈ બી. સંઘવી-શ્રી સંજયભાઈ બી. કોઠારી |
| સન્મા.સભ્યો | : | શ્રી અશ્વિનભાઈ એમ. મહેતા, શ્રી જયસુખલાલભાઈ આર. વોરા, શ્રી શૈલેષભાઈ એ. જવેરી, શ્રી શૈલેષભાઈ આર. દોશી (દેપલાવાલા), શ્રી નાનાલાલભાઈ એલ. શાહ, શ્રી પિયુષભાઈ વી. શાહ, શ્રી ભરતભાઈ કે. મેહતા અને શ્રી રમેશભાઈ વી. શાહ |


# જીવદયા મંડળીની ગૌશાળામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશના દરેક સરકારી-અર્ધસરકારી દફ્તરો સ્કૂલ-કૉલેજો, શહેરો તેમજ ગ્રામ પંચાયતો વિગેરે સર્વે જગ્યાએ દેશના ત્રિરંગાને માન-સન્માન આપી લહેરાવવામાં આવે છે. અને દેશ પ્રત્યે વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. દેશની આઝાદીની ચળવળમાં પૂ. મહાત્મા ગાંધીજી સાથે અનેક સ્વાતંત્ર્ય સેનાની વીરપુરુષોએ બલિદાન આપી દેશને આઝાદ કરાવ્યો અને અત્યારે દેશની સરહદે દેશની રક્ષા કાજે દેશના વિર-જવાનો દેશ માટે પોતાનું બલિદાન આપવા તૈયાર છે. આવા દેશ ભક્તિના માહોલમાં જીવદયા મંડળીના શકવાર તેમજ ભાલીવલી ગૌશાળામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને કતલખાનેથી છોડાવેલી ગાયો તથા અન્ય જીવો ને લીલો-ઘાસચારો તથા ગોળ-ભૂંસાના લાડવા ખવરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાયન-માટુંગાના જીવદયા પ્રેમી ભાઈ-બહેનોએ ગૌશાળાની તમામ ગાયોને લીલો ઘાસચારો તથા શકવાર ગૌશાળાની આજુબાજુના ગરીબ આદિવાસી બાળકોને ચોકલેટ-બિસ્કીટ તથા મીઠાઈ વહેંચીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાયન-માટુંગા જીવદયા પ્રેમી ગ્રુપના શ્રી ઉદય ભાઈ તથા ભાઈ-બહેનો સાથે જીવદયા મંડળીની ગૌશાળાના મેનેજર શ્રી પરશુરામ ચૌધરી શ્રી ક્રિષ્નાકુમાર શ્રીવાસ્તવ, ડૉ. શ્રી રમેશ સોનકાંબલે, ડૉ. શ્રી રાજેન્દ્ર પાટીલ તથા સંધ્યા પાટીલ મુકાદમ શ્રી સંજય યેલવે તથા મુંબઈ ઓફિસના એકાઉન્ટન્ટ શ્રી રાજ દામાણી એનિમલ વેલફેર ઓફિસર શ્રી અંબાલાલ ડાભી તથા જીવદયા પ્રેમી શ્રી રામચંદ્ર ગાવડ વગેરે સ્ટાફ મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા. અને ત્રિરંગાનું ચિહ્ન લગાડી રાષ્ટ્રગીત ગાઈને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી હતી. જીવદયા મંડળીના માનદ્‌મંત્રી શ્રી યોગેશભાઈ જવેરી તથા જોઈન્ટ સેક્રેટરી શ્રી ભરતભાઈ વિરાણીએ સર્વે ગૌભક્તો અને દાતાઓને સ્વાતંત્ર્ય દિવસની વધાઈ આપી હતી.

**સૌજન્ય : શ્રી જીવદયા મંડળી**

સફળતા એ મુસાફરી છે – મંઝિલ નહિ, બસ આગળ વધવાનું ધ્યેય રાખો.

વર્ષ ૩૪ ઑગસ્ટ ૨૦૧૫ અંક : ૦૮

# જીવદયા

Foreign Contribution Accepted Directly
SB A/c No. 04230100010132 BOB
Zaveri Bazar, Mumbai-3.
RBI - Permission Code - 083780740

તંત્રી : ડૉ. રતનબેન ખીમજી છાડવા

કાર્યાલય : દયા મંદિર, ૧૨૫-૧૨૭, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૩. ● ફોન : ૨૩૪૨ ૫૫૭૪/૨૩૪૪ ૬૦૨૪

સકવાર/ભાલીવલી પશુઆશ્રય સ્થાનઃ પો. ખાનિવડે, મુંબઈ-અમદાવાદ હાઈવે, રામકૃષ્ણ મિશન આશ્રમ ડિસ્પેન્સરી પાસે, તા. વસઈ, જિ. થાણા. (શીરસાડ ધર્મસ્થાનકથી આગળ અમદાવાદ હાઈવે પર ૪ કિલોમીટરે ભાલીવલી તથા ૧૦ કિલોમીટરે સકવાર આવેલ છે.)

શાખા : ગુજરાત રાજ્ય કાર્યાલય : ૪૦૩, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટની સામે, પ્રીતમનગર પહેલો ઢાળ, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ● ફોન : ૩૦૦૨૮૧૧૩/૨૬૫૭૮૧૧૩

મુંબઈની શ્રી જીવદયા મંડળીનું માસિક મુખપત્ર

## અમૂલ્ય દાન

તંત્રી : ડૉ. રતનબેન ખીમજી છાડવા

આપણા ભારતદેશની આ વાત છે. મહાત્મા ગાંધીજી હરિજનોના ઉધ્ધાર માટે ગામેગામ ફરી ફંડ ભેગુ કરતા હતા. તેમના માટે દાન એકત્રિત કરતા હતા. ગાંધીજી માટે સહુને માન હતું. તેમની જાહેરસભાઓ ગોઠવાતી, ભાષણ થતા. લોકો દૂર દૂરથી તેમના ભાષણ સાંભળવા આવતા. શિક્ષિત-અશિક્ષિત સહુ કોઈને ગાંધીજીના ભાષણો સ્પર્શી જતાં.

એક સાંજે કટકથી થોડે દૂર એક ગામમાં તેમના ભાષણનું આયોજન થયું હતું. લોકો દૂર દૂરથી તેમને સાંભળવા આવ્યા હતા. ગાંધીજીએ હિંદીમાં ભાષણ આપ્યું. પણ ત્યાંની પ્રજા માત્ર સ્થાનિક ભાષા જાણતી હતી. આથી એક ભાઈએ તેમના ભાષણનો અનુવાદ કરી સ્થાનિક ભાષામાં સમજાવ્યું. ભાષણ પૂરું થયુ. પછી ગાંધીજીએ સભાને સંબોધીને કહ્યુ કે, ભાઈઓ ભાષણ તો પૂરું થયું. પણ તમને બધાને ખબર હશે કે હું હરિજનો માટે ફંડ ભેગુ કરું છું, દાન એકત્રિત કરું છું. આપ સહુ ઈચ્છા મુજબ મારી ઝોળીમાં આપનો ભાગ નાંખી મને આભારી કરશો.

બધા લોકો પણ જાણતા હતા કે બાપુ ભાષણના અંતમાં પોતાની ઝોળી ફેલાવીને હરિજનો માટે તેમજ આંદોલન માટે દાન માંગશે. લોકોમાં પોતાના દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના હતી. દેશને ગુલામીની ઝંઝીરમાંથી મુક્ત કરવું હતું. એટલે સહુ કોઈ તૈયારી સાથે જ આવ્યા હતા. થોડીવારમાં જ ઝોળી રૂપિયા-પૈસાથી ભરાઈ ગઈ. સહુ કોઈએ પોતાની શક્તિ મુજબ ફંડ ફાળો આપ્યો.

ત્યારે એક નાનો બાળક તડબૂચ લઈને દોડતો દોડતો મંચ પર ઘસી આવ્યો. આયોજકોએ તેને આવતો અટકાવવાની કોશિશ કરી ત્યારે બાપુએ તેમને અટકાવ્યા. બાળક સીધો બાપુ પાસે જઈને બોલ્યો. બાપુ, બાપુ! મારી પાસે પૈસા તો નથી પરંતુ આ તડબૂચ છે. તમે એ લેશો?

બાપુએ પૂછ્યું, આ તડબૂચ તું ક્યાંથી લઈ આવ્યો છે? બાળકે કહ્યું, મારા ઘરેથી લઈ આવ્યો છું. બાપુએ પાછું પૂછ્યું, ''તારું ઘર ક્યાં છે?'' બાળકે જવાબ આપ્યો, ''અમારું ઘર અહીં પાસે જ છે. ઘરના છાપરા ઉપર તડબૂચની વેલ ઉગી છે. પણ આજે એક જ આ ફળ ઊગ્યું છે. બાપુએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું. ''આજે હું તારા ગામમાં આવ્યો ન હોત તો આ ફળનું તું શું કરત? બાળકે સહેજતાથી કહ્યું, ''મારી મા આ ફળનું શાક કરી અમને બધાને જમાડત. બાપુએ ફરી પૂછ્યું, ''તો પછી હવે તમે શું ખાશો? ભૂખ્યા રહેશો? જા તું આ ફળ પાછું લઈ જા. ત્યારે બાળકે મક્કમતાથી જવાબ આપ્યો, ''રોજ રોજ તો અમે જમીએ છીએ. કંઈને કંઈક ખાઈએ છીએ. આજે એક દિવસ શાક નહિ મળે તો શું વાંધો છે? તમે અમારા ગામમાં રોજ-રોજ થોડાં આવો છો. મારી પાસે ફક્ત આ તડબૂચ છે. લઈ લો?

બાળકની ભાવના જોઈને ગાંધીજી પણ પીગળી ગયા. અને આ મહામૂલું દાનનો સ્વીકાર કર્યો.

અસ્તુ

લોકો પૈસાદાર હોવાના દેખાવ કરવામાં જ ગરીબ થઈ જાય છે!

# મોબાઈલ અને કમ્પ્યૂટર્સના રેડિયેશન્સથી થતા રોગોથી બચવા દેશી ગાયના દૂધ-ઘી ખાવા સિવાય કોઈ વિકલ્પ નથી

**અતુલકુમાર વ્રજલાલ શાહ - સી.એ.**

અકબરે બીરબલને પૂછેલું કે શ્રેષ્ઠ દૂધ કોનું? ત્યારે બીરબલે ભેંસનું તેમ જવાબ આપેલો. અકબરે આશ્ચર્ય સાથે પૂછેલું કે ગાયનું કેમ નહીં? ત્યારે બીરબલે કહ્યું હતું કે ગાયના દૂધને તો હું અમૃત કહું છું. તેવી જ રીતે જર્સી ગાયને ગાય તરીકે સંબોધન આપવું તે પણ પ્રકૃતિનું અપમાન લાગે છે. કારણ કે આ કૃષિપ્રધાન દેશ પશુઓ સાથે અસ્થિમજ્જા જોડાયેલો છે. પશુના નાશ દ્વારા જ આ દેશની મહાકાય વિશાળ પ્રજાનો નાશ થઈ શકે છે તેવું પાક્કુ ગણિત અંગ્રેજોએ એક કાવતરાના સ્વરૂપમાં ઘડી રાખેલ. અને તેથી જ દેશની આર્થિક ઉન્નતિ સાથે જોડાયેલા વિકાસના કરોડરજ્જૂ સમાન સ્થાયી માળખાને તોડવા માટે આ દેશમાં જર્સી ગાયને આયોજનપૂર્વક ઘુસાડવામાં આવી છે.

દેશી ગાયને ખૂંધ હોય છે અને ગળાની નીચે ગોદડી હોય છે. જ્યારે જર્સી ગાયને આ બંને અવયવો હોતા નથી. દેશી ગાયને સ્પર્શ કરવાથી બ્લડપ્રેશર કાબુમાં આવે છે અને ગોદડીને હાથ લગાવવાથી ડાયાબિટીસ દૂર થાય છે. આવું પશુવિજ્ઞાનના જાણકારો કહે છે. દેશી ગાયનું પૂછડું લાંબુ હોય છે અને પોદળો સેમીલીક્વીડ હોય છે. જ્યારે જર્સી ગાયનું પૂછડું ટૂંકું હોય છે અને તેનું છાણ પ્રવાસી સ્વરૂપ હોય છે. જર્સી ગાયને પંખા નીચે રાખવી પડે છે અને એન્ટીબાયોટીક્સના કોથળાઓ ભરાય તેટલી દવા ખવડાવવી પડે છે. તેથી તેના દૂધ, માંસ અને ચરબીમાં પણ આ એન્ટીબાયોટીક્સ પ્રસરેલા હોય છે. જર્સી ગાય એ એક જંગલી પશુના જિન્સમાંથી પેદા કરવામાં આવી છે. જર્મનીમાં જેને ઓરુક્સ અથવા તો વિશ્વના અન્ય દેશો જેને ઉરુસ કહે છે તેવા જંગલી પ્રાણીની કતલ વધારે અને સ્વાદીષ્ટ માંસ મેળવવા માટે કરવામાં આવતી હતી. પરંતુ, તેનો શિકાર મુશ્કેલ હોવાથી ભારતની દેશી ગાયો સાથે તેને ક્રોસ બીડ કરવામાં આવી અને આજે આખા દેશની અંદર દૂધ ઉત્પાદન વધારવાના નામે આખો દેશ રોગોની ચુંગાલમાં ફસાઈ જાય તે હદે ફોરેનની જર્સી, હોસ્ટિન, એચ.એફ. અને એફ.એસ. કાઉઝનો કલ્પનાતિત હુમલો ડેરી પ્રોડક્શનમાં થવા લાગ્યો છે. એટલે આ જર્સી ગાય એ એક જંગલી પ્રાણી છે તેને સંકર ગાયની ઉપમા આપવી તે પણ વ્યાજબી નથી.

વિદેશોમાં જર્સી ગાયના દૂધને યુરોપમાં વાપરવામાં નથી આવતું. કારણકે તેઓ જાણે છે કે આ જર્સી ગાયોમાં કેસોમોર્ફીન નામનું ઝેરી રસાયણ આવે છે. પરંતુ અન્ય પનીર વગેરે વસ્તુઓ જર્સી ગાયના દૂધમાંથી બને છે. જે નુકસાનકારક છે. જ્યારે દેશી ગાયના માત્ર દૂધમાં જ નહીં પરંતુ તેના ગૌમૂત્રમાં પણ વાગભટજી ૩૫૦૦ વર્ષ પહેલા સંશોધન કરીને કહ્યું છે કે આ ગાયના દૂધમાં સોનું છે કેમ કે તેના ખુંધની અંદર આવેલી સ્વર્ણિમ નાડી સૂર્યના કિરણો સાથે સંપર્કમાં આવતા તેની અંદર સોનું પેદા થાય છે. તેથી તેનું દૂધ, ઘી પણ પીળાશ પડતું હોય છે. જામનગરના યુવાન વૈજ્ઞાનિકોએ રિસર્ચ કરીને ગૌમૂત્રની અંદર પણ સોનું હોવાનું સાબિત કર્યું છે. તે સિવાય કેન્સરને અટકવે તે કરક્યુમીંગ નામનું પૌષ્ટિક કેમિકલ ડાયજેસ્ટેબલ ફોર્મમાં પ્રચુરમાત્રામાં

ભરેલું છે. અને સેન્ટ્રલ કાઉ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે કે ગૌમૂત્રમાં પાણી સિવાય કેલ્શિયમ, સલ્ફર, આયર્ન, સિલીકોન જેવા અનેક પ્રકારના પોષકતત્ત્વો આ ગૌમૂત્રના કેમિકલ એનાલિસીસમાં આવેલા છે. સોરાઈસીસ, એક્ઝીમાં અને સફેદ ડાઘમાં આધુનિક વિજ્ઞાન પાસે કોઈ પરમેનેન્ટ દવા નથી. જ્યારે ગૌમૂત્રમાં તાંબુ હોવાથી ચામડીના અનેકપ્રકારના રોગો અને સોરાઈસીસ જેવા હઠીલા રોગોમાં પણ ચમત્કારીક ત્વરીત ફાયદો જોવા મળ્યો છે. ઘૂંટણના દુઃખાવાથી લઈને હવે તો કેન્સર ઉપર પણ વલસાડના વાગલધારામાં ગૌમૂત્ર,પંચગવ્ય અને પંચઘૃતના આધારે કેન્સર જેવી ભયાનક બીમારીઓમાં પણ સારવાર શક્ય બની છે. આ બાબતમાં માલેગાંવના શ્રી કેસરીચંદજી મહેતા અનોખુ જ્ઞાન ધરાવે છે. દેશી ગાયના દૂધના એ-૨ દૂધ કહેવામાં આવે છે. જર્સી ગાયના દૂધને એ-૧ દૂધ કહેવામાં આવે છે. દેશી ગાયના દૂધમાં પ્રોલાઈન નામનું કેમિકલ એસિડ જે ઈન્સોલ્યુસીન નામના એમિનો એસિડની સાથે ભળતા અનેક ચમત્કારીક ફાયદો કરાવે છે. જેનું મુખ્ય કાર્ય રોગો દૂર કરવા ઉપરાંત ઈમ્યુનિટી પાવર વધારવા સાથે મેદસ્વીપણું, ઘૂંટણના દુઃખાવા, અસ્થમાં અને માનસિક રોગોમાં ઉત્તમ અસરકારક કાર્ય કરી આપે છે. વળી આ દેશી ગાયના દૂધમાં એટલે કે એ-૨ મિલ્કમાં ઓમેગા-૩ નામનું ઘટક હોવાથી લોહીની નળીઓમાં જમા થયેલું કોલેસ્ટ્રોલ મૂળથી દુર કરી આપે છે. અને તેમાં રહેલા ફેરેબ્રોસાઈડસ નામના તત્ત્વને કારણે મગજની શક્તિને પણ વધારી આપે છે. સ્ટ્રોન્ટીયમ નામના ઘટકથી દેશી ગાયનું દૂધ શરીરને નવચેતનવંતુ રાખે છે. અને મોબાઈલ ફોન અને કમ્પ્યુટરથી થતા રેડિયેશનના રોગો સામે કવચ બનાવી આપે છે.

જર્સી ગાયના દૂધને ન્યુઝીલેન્ડમાં થયેલા રિસર્ચ પ્રમાણે આ એ-૧ મિલ્કથી હાઈ બ્લડ પ્રેશર, મેટાબોલિક ડીજનરેટીવ ડીસીઝ, બાળકોને થતો ડાયાબિટીસ, પોર્ટીઝમ અને વૃદ્ધાવસ્થામાં થતી માનસિક અસ્થિરતા નામના અનેક રોગોથી ઘેરાઈ જવાય તેવું સ્પષ્ટ તારણ તેઓએ આપ્યું છે. તેથી ઓસ્ટ્રેલિયામાં આ એ-૧ મિલ્કના જર્સીગાયના દૂધ પીવા ઉપર પ્રતિબંધ છે અને તેનો મોટા ભાગે પાવડર બનાવીને તેઓ ભારતમાં નિકાસ કરે છે. અને પોતાને પીવા માટે બ્રાઝીલમાં થતી ગીર ગાયના દૂધને અને તેના પાવડરને આયાત કરે છે. અને આપણે ત્યાં ગીરની ગાય બ્રાઝીલમાં નિકાસ થઈ અને તેઓએ તેની ઉપયોગીતા સમજીને તેની સંખ્યા ૬૫ લાખ સુધી વધારી દીધી છે. એટલે આ દેશના પશુને ધન કહેવાતું હતું જે વિદેશોમાં લૂંટાઈ રહ્યું છે. અને ત્યાંથી રોગનું ઉત્પાદન કરે તેવા વિદેશી બ્રાંડનીજર્સી ગાયના દૂધના પાવડરો આયાત કરવામાં આવે છે. અને આપણા દૂધના ઉત્પાદકો દૂધની અંદરથી મલાઈ અને ક્રીમ ખેંચી લઈને બાકી રહેલા દૂધના પાણીમાં આ વિદેશી બ્રાન્ડનો પાવડર ઉમેરીને આખા દેશને રોગોના ભરડામાં લઈ શકાય તેવું જર્સી ગાયનું દૂધ આપણને પીવડાવે છે. દેશી ગાયના દૂધ અને ઘીનો પ્રચુરમાત્રામાં ઉપયોગ વધાર્યા સિવાય આજના આધુનિક વિકાસના રોગોથી બચવું અશક્ય છે. સુજ્ઞેષુ કિં બહુના ?


## મુંબઈ જીવદયા મંડળી કાર્યવાહક સમિતિ

શ્રી પિયુષભાઈ વસનજી શાહ
શ્રી જયસુખલાલ આર. વોરા
શ્રી નાનાલાલ એલ. શાહ
શ્રી શૈલેષભાઈ રાયચંદભાઈ દોશી (દેપલાવાલા)
શ્રી શૈલેષભાઈ અમરચંદભાઈ ઝવેરી
શ્રી અશ્વિનભાઈ મફતલાલ મહેતા
શ્રી ભરતભાઈ કાંતિલાલ મહેતા
શ્રી રમેશભાઈ વાડીલાલ શાહ


પોતાનાં વખાણ જ્યાં સુધી ગમે છે, ત્યાં સુધી નિંદાથી દુઃખી થવાય છે.

# નામ, કિર્તી, પૈસો, સંબંધો કશુંજ પુર્નજન્મમાં આગળ વધતું નથી, કર્મ અને સંસ્કાર જ જન્મોજન્મ સુધી આગળ વધે છે!

**આર. ડી. પાલા**

શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે એટલે આપણે કર્મની વાત કરી રહ્યા છીએ. પવિત્ર મહિનામાં કરેલાં સત્કર્મો જન્મજન્માંતરનું ભાથું બાંધી આપે છે. કર્મનું પાસું જન્મજન્માંતર સાથે સંલગ્ન છે,સાચું પૂછો તો મનુષ્ય અવતારના માત્ર બે જ હેતુ છે. એક તો, કર્મનું સંતુલન કરવું અને બીજો જ્ઞાન પ્રાપ્ત કરવાનો અથવા તો શીખવાનો. આ બે જ બાબતો જન્મજન્માંતર સુધી ટ્રાન્સફર થયા કરે છે, એક જન્મમાંથી બીજા જન્મમાં જાય છે. નામ, કીર્તિ, પૈસો, સંબંધો કશુ જ પુનર્જન્મમાં આગળ વધતું નથી. આગળ વધે છે માત્ર કર્મ અને જ્ઞાન.

એટલે જ કહેવાય છેને કે સત્કર્મો મનુષ્યને જન્મજન્માંતર સુધી સારાં ફળ આપતાં રહે છે. કેટલાંક પ્રેમી પંખીડાં સાત જનમ સાથે રહેવાની ઈચ્છા પ્રગટ કરે છે. પરંતુ એ શક્ય નથી. હા, એ ઈચ્છાવૃત્તિ આગળના જનમમાં ટ્રાન્સફર થાય, પરંતુ એનો અર્થ એ નહીં કે એ જ વ્યક્તિ તમને જન્મોજન્મ મળે. આપણો હેતુ ઈચ્છાઓના વળગણમાંથી મુક્ત થવાનો હોવો જોઈએ, નહીં કે ઈચ્છાઓના કળણમાં ઘૂમરાયા કરવાનો. ઈચ્છાના ખોટા વળગણમાંથી બહાર નીકળવાના સંસ્કાર, જેને ટેન્ડન્સી કહેવાય છે એ આગલા જનમમાં આગળ વધે છે. તેથી જ સારા સંસ્કાર હોવા જરૂરી છે અને સારાસંસ્કાર સારાં કર્મો દ્વાર જ આવી શકે, આપણે કહીએ કે સંસ્કાર મા-બાપ પાસેથી મળે છે, પરંતુ એવું નથી. એ પૂર્વજન્મમાંથી આગળ વધેલા હોય છે જે આપણામાં આ જન્મે જોવા મળે છે. તેથી જ સારાં મા-બાપનાં સંતાનો ઘણી વાર કુકર્મી કે ખરાબ જોવા મળે છે ને ખરાબ મા-બાપનાં સંતાનો સારાં હોય છે! એનું આ જ કારણ છે કે કર્મ અને સંસ્કાર જન્મોજન્મ સુધી આગળ વધે છે.

જે કર્મ આપણે એક જનમમાં કરીશું એનાં બીજ આપણાં અંતઃકરણમાં જડબેસલાક બેસી જાય છે. પછી એ જન્મજન્માંતર સુધી ટ્રાન્સફર થાય તોય એનો કોઠો તો એ જ રહે છે. સંસ્કારનાં એ બીજ આપણા ઔરામાં વ્યક્ત થાય છે. જેણે કુકર્મો કર્યા હોય તે વ્યક્તિના ઔરામાં કાળાશ હોય છે અને જનાં સત્કર્મ હોય એનો ઔરા પ્રકાશિત હોય છે. ઔરાથી ખબર પડે કે વ્યક્તિનાં કર્મ કેવાં છે! જો કાળો ઔરા હોય તો ઔરાના શુદ્ધીકરણની જરૂર પડે એટલું જ નહીં, અંતઃકરણનાં સંસ્કારનાં બીજ બાળવાં પડે. એ બાળવા માટે રીઅલાઈઝેશન અને પૂર્ણ આધ્યાત્મિક વલણ જરૂરી છે. કર્મનાં ફળ ભોગવવાની આપણને શક્તિ મળે, કપરાં ફળની અનુભૂતિ ઓછી થાય એ માટે યોગ્ય આધ્યાત્મિક ગુરુના માર્ગદર્શન અને આધ્યાત્મિક વલણ સૌથી મહત્ત્વનાં છે. એ ઉપરાંત રત્ન દ્વારા માર્ગદર્શનની તક ઊભી થાય છે. સાચાં રત્ન પહેરવાથી કોસ્મિક રેમાં પરિવર્તન આવે છે અને વ્યક્તિને આધ્યાત્મિક તથા ભૌતિક બન્ને લાભ મળે છે. આપણું ભાગ્ય એ માત્ર ભૌતિક ભાગ્ય નથી. આધ્યાત્મિક ભાગ્ય પણ છે, જે જન્મજન્માંતરનું છે. આપણે ભૌતિક ભાગ્ય દ્વારા માત્ર એકજ જનમનો ખજાનો મેળવવો છે, કે જન્મજન્માંતરનો ? નક્કી તમારે કરવાનું છે. આત્મા જોડે સંપર્ક થશે તો ઉન્નતિ થશે જ એમાં બે મત નથી. આ શ્રાવણનોસદુપયોગ કરવાનું ચૂકતા નહી.

સ્વાર્થના પાયા પર બંધાયેલ સંબંધો લાંબા ટકતાં નથી.

# ગૌવંશ હત્યા પ્રતિબંધઃ ખેતીવાડી સહિત અર્થતંત્રને પુનઃ ધબકતું કરી શકશે

કિશોર પી. દવે

મહારાષ્ટ્રમાં ગૌવંશ હત્યા પર પ્રતિબંધ આવ્યો છે. દેવનારના કતલખાનામાં દૈનિક ધોરણે તંદુરસ્ત અને ખેતીવાડીમાં ખપ આવે તેવા બળદોની કતલ થતી હતી તે બંધ થઈ છે. વાછરડાં-બળદની કતલ અટકવાથી ખેતીવાડીને માટે કામ કરી શકે તેવા બળદ ઉપલબ્ધ થશે. તેના ખાવા-પીવા-પાણી તેમ જ સારસંભાળની વ્યવસ્થાનો મોટો પડકાર છે જે માટે તમામ વર્ગ દ્વારા યોગદાનની અપેક્ષા રાખવામાં આવે છે.

સૌપ્રથમ તો દાનનો પ્રવાહ ગાય-બળદ-વાછરડાનાં લાલનપાલન તરફ વળે તે માટે વ્યાપક જાગૃતિ થવી જોઈએ. પશુપાલન એ ગ્રામીણ અર્થતંત્રનો વ્યવસાય છે. ત્યાં ભરવાડ-રબારી-આહીર-મતવા અને ખેતી સાથે સંકળાયેલો અન્ય વર્ગ ગાય-બળદ-વાછરડાનું પાલન કરે છે, તેમને ઉછેરે છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં થાય છે, તે ઉપરાંત માલસામાનની હેરફેર-ખેતીવાડીનો પાક વેચાણ માટે અન્યત્ર લઈ જવા બળદગાડાનો ઉપયોગ થાય છે.

ભારતમાં એક અંદાજ પ્રમાણે ૭ કરોડ બળદગાડાં છે. હજુ બીજા સાત કરોડની જરૂરત છે. ગ્રામ્ય વિસ્તારમાં માલસામાનની હેરફેર માટે વધુ બળદગાડાં જો ઉપલબ્ધ થાય તો ટ્રાન્સપોર્ટ કોસ્ટ ઓછી આવે અને ખેડૂતોને તેમના ઉત્પાદનના ભાવ મળે છે, તેમાં ટ્રાન્સપોર્ટની કિંમત જાય છે તે ઓછી થાય અને તેમની વાસ્તવિક આવક વધે.

**પશુઓ ચાર રીતે અર્થતંત્રને ઉપયોગી છે.**

(૧) ગાય-ભેંસ-ઘેંટાં-બકરાં દૂધ આપે છે.તમામ પ્રકારના દૂધની કોઈક ઉપયોગિતા છે અને તે પ્રજાના વિશાળ વર્ગને માટે જરૂરી છે. ઘેંટા-બકરાંનુ દૂધ તો સૌથી વધુ પૌષ્ટિક છે.

(૨) પશુઓનું ગોબર જમીનમાં ઉત્તમ ખાતર છે. એક એકર દીઠ ત્રણથી ચાર પશુ હોય તો જમીનને જોઈતા સત્વો તેમાંથી મળી રહે છે. કોઈપણ પશુ બિનઉપયોગી નથી.

(૩) ટ્રાન્સપોર્ટ માટે બળદનો ઉપયોગ ભારતીય અર્થતંત્ર માટે એક જમાપાસું છે. બધી જગ્યાએ હજુ પેટ્રોલ-ડીઝલથી ચાલતાં વાહનો નથી અને તે પરવડે તેમ પણ નથી.

(૪) ભારતની સંસ્કૃતિમાં પશુ-પક્ષી એ સમાજ જીવનનો ભાગ છે. તેઓ પર્યાવરણનું સંતુલન જાળવવામાં અનેક રીતે ઉપયોગી છે એટલે તેમની કતલનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

સમગ્ર વિશ્વ શાકાહાર તરફ વળી રહ્યું છે. યુરોપમાં તો શાકાહાર માટે ઝુંબેશ ચાલી રહી છે તેવે વખતે કેટલાક આળવીતરા લોકો કતલખાનાઓ ભારતમાં વૃદ્ધિ પામે અને ત્યાંથી નિકાસ થતું માંસ યુરોપની પ્રજા ઉપયોગમાં લે તેવી વ્યવસ્થાની ડિઝાઈન ગોઠવીને ભારતને વિદેશી મુદ્રાની જરૂરત છે-તેવી દલીલ આગળ

કરી રહ્યા છે. અલબત્ત થોડો સમય આવી વાતો થવાની છે, પરંતુ હવે શેરને માથે સવાશેર જેવો જવાબ મળવાનો છે.

ભારતમાં ખેતીવાડીનું ઉત્પાદન વધારીને કોઈ ભૂખે ન મરે તેટલું અનાજ હાલમાં છે. હજુ વધારાના જે પશુઓ છે તેનો ખેતીવાડીમાં ઉત્પાદકીય ઉપયોગ કરીને, ગોબરનો પર્યાપ્ત ઉપયોગ કરીને **અનાજ કઠોળમાં સ્વાદ-સત્વશીલતા અને પૌષ્ટિકતા વધે તેવું આયોજન કરવાની જરૂર છે.**

ગૌવંશની કતલ પર અનેક રાજ્યમાં પ્રતિબંધ છે. તેમાં મહારાષ્ટ્ર-ગુજરાત-મધ્ય પ્રદેશ-રાજસ્થાન મુખ્ય છે, પરંતુ કેરળ અને પશ્ચિમ બંગાળ જેવા ડાબેરી વિચાર ધારાના રાજ્યોની આડોડાઈ જોવા મળે છે. આ બે રાજ્યમાં માછલી અને અન્ય સમુદ્રી જીવની હત્યા થઈ રહી છે. ગૌવંશ તો કોઈ વિસાતમાં નથી ત્યાં જાગૃતિ દર્શાવવાની ખાસ જરૂર છે.

દૂધના ઉત્પાદનમાં હજુ વધારો કરવાની જરૂર છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ દ્વારા ગોપાલન થાય તે માટે સ્વૈચ્છિક સંગઠનોએ એક આદર્શ પ્રયોગલક્ષી વ્યવસ્થા માટે અગ્રેસર થવાની જરૂર છે. પશુપાલન એ મહેનત માગી લેતો વ્યવસાય છે. તેમાં મહિલાવર્ગની કામગીરીનો વ્યાપ વધે તો સારાં પરિણામ જોવા મળવાના છે. આથી પ્રત્યેક મહિલાની આવકમાં રૂા. ચારથી પાંચ હજારનો વધારો થશે.

પશુપાલન વ્યવસાયની સફળતા ના ત્રણ મુદ્દા છે. (૧) પાણી, (૨) પૂરતો ઘાસચારો અને (૩) મહિલા વર્ગ દ્વારા પશુઓને ચારો પૂરો પાડવો-સાફસફાઈ અને દૂધની વ્યવસ્થા કરવી. આટલી બાબત અંગે જો યોગ્ય રીતે પીઠપળ પૂરું પાડવામાં આવે તો હજુ પશુપાલનનો ગ્રામ્ય વિસ્તારમાં વ્યાંપ વધારી શકાય તેમ છે. ગૌશાળા અને પાંજરાપોળમાં જો પશુઓની સંખ્યા વધવા લાગશે તો તેમનો નિભાવ-સંચાલન-ઘાસચારો-પાણી-સારવાર આ તમામ બાબતો ઘણી ખર્ચાળ પૂરવાર થવાની છે. તેને બદલે એક નાના એકમ તરીકે જે ઘરમાં ગ્રામ્ય સ્તરે ૨-૪ કે ૫ પશુ નથી ત્યાં કોઈક રીતે પાલન થાય તેવી વ્યવસ્થા વધુ સરળ બને છે. જ્યાં એક-બે ગાય છે તેઓ ત્રણથી ચારનો ઉછેર કરે તેવી પ્રોત્સાહક બાબત અમલી બનાવવી રહી.

ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ ખાતે અને જૂનાગઢ જિલ્લામાં જામકા ખાતે આવા સફળ પ્રયોગ થયા છે અને તેના શ્રેષ્ઠ પરિણામ આવ્યાં છે.

ગુજરાત સરકારે ગોચર વિકાસ માટે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. ગુજરાતમાં ગો સેવા આયોગ દ્વારા ખૂબ જ સારી એવી નમૂનેદાર કામગીરી કરવામાં આવી રહી છે. તેમના કૌશલ્યનો લાભ લેવો જોઈએ.

અર્થતંત્રમાં સંપૂર્ણ ગૌહત્યા પ્રતિબંધના અનેક લાભ મળવા લાગશે. દૂધ-ઘીના વ્યવસાયમાં નવી ચમક જોવા મળશે, પરંતુ તે માટે કેટલુંક ''હોમવર્ક'' કરવું બહુ જરૂરી છે. પશુપાલન ક્ષેત્રની યોગ્ય રીતે ખીલવણી થાય તો નવી એક કરોડ રોજગારી નિર્માણ થઈ શકે તેમ છે, પરંતુ તેના માટે તમામ સ્તરેથી સહયોગ પણ અનિવાર્ય છે. તેમાં નાણાં-સંચાલન અને વહીવટી ક્ષમતા બધી બાબતો જરૂરી છે.

# જૈન સાધ્વીજીએ ગૌમૂત્રમાંથી સૌંદર્ય પ્રસાધનો બનાવ્યાં

૩૩ કરોડ દેવતાઓનો શરીરમાં વાસ હોવાની હિન્દુ ધર્મમાં માન્યતા ધરાવતા ગૌમાતા ઉપર છેલ્લા સાત વર્ષથી ગહન સંશોધન કરી રહેલા જૈન સાધ્વી પૂ.શ્રી દેવરક્ષિતાજીએ ગૌમૂત્ર અને પંચગવ્ય ઉપર પ્રયોગો કરી ૧૮ પ્રકારના સૌંદર્યપ્રસાધનો બનાવવામાં સફળતા મેળવી છે. ચરક સંહિતામાં મહર્ષિ ચરકે દર્શાવેલી વિધિવિધાન આધારે બનાવવામાં આવેલા.

આ સૌંદર્ય પ્રસાધનો આધુનિક ટેક્નોલોજી અને નુકસાન કારક રસાયણથી બનેલા ક્રિમ-પાઉડરથી ઉત્તમ છે. શ્રી કામધેનુ શરણ મમ એવો જીવનમંત્ર બનાવી અથાક પ્રયત્ન કરતા આ સાધ્વીજીએ ગૌક્રાંતિ કરવા બીડુ ઝડપ્યું છે. રાજકોટના સમયાંતરે યોજાતા કાર્યક્રમોમાં સતત ત્રણ કલાક સુધી ગાય માતા પર અસ્ખલિન વ્યાખ્યાન આપતા આ સાધ્વીજી સાંભળવા મળે વળી, શ્રોતાઓ પણ રસતરબોળ થઈ જાય.

એક જૈન સાધ્વીજીએ ગાય માતામાં કેવી રીતે સંશોધન આદર્યું તેની પાછળની વાત રસપ્રદ છે. પૂર્વાશ્રમમાં કચ્છ ખાતે જન્મેલા ચેતના ગાલાને ગૌ આધારિત સંસ્કૃતિ માતાપિતા દ્વારા વારસામાં મળી છે. બાલ્યાવસ્થા દરમિયાન જ તેમણે ગૌસેવાનું કાર્ય આદરી દીધેલું. એટલે ગાયની સેવાસુક્ષષાના દરેક કાર્યો તે સારી રીતે જાણે. કચ્છના મેરવ ગામની આર્યલક્ષી જૈન ધર્મ અભ્યાસ વિદ્યાલયમાં સંસ્કૃતનું ઉત્કૃષ્ઠ શિક્ષણ પૂર્ણ કર્યું.

આમ છતાં સંસારની કોઈ મોહમાયા તેમને ડગાવી શકી નહીં. કારણ કે, તેમનો સંકલ્પ હિમાલયની જેમ અડગ હતો. ૯૦ના દાયકામાં પાલીતાણા ખાતે દીક્ષાગ્રહણ કરી તેમના ગુરુ પૂ.શ્રી. આર્યરક્ષિતાજી સાથે વિહાર શરૂ કર્યો. આ દરમિયાન તેઓ એક દિવસ દ્વારકાના જગતમંદિરના દર્શન કરવા માટે ત્યાં ભગવાન શ્રી રણછોડરાયજીનાં દર્શન કરતી વેળાએ તેમને અલૌકિક પ્રેરણા થઈ. ભગવાન તો મંદિરમાં બિરાજે છે પણ, તેમને વ્હાલી ગાયોની હાલત કફોડી છે! એ સ્થિતિ જોઈ તેમણે ગાય માતાની સેવા કરવાનો નિશ્ચય કર્યો. આમ તેમણે ગાયો પર સંશોધન આદર્યું. અત્યાર સુધીમાં ગૌમાતા અંગે જેમાં પણ ઉલ્લેખ હોય તેવા આઠ હજાર જેટલા પુસ્તકોનું પઠન કર્યું છે. તેમાં વેદ, પુરાણો, ઉપનિષદો સહિતના શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. હાલમાં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભારતીયવાગમય ઓર ગૌમાતાકી ઉપયોગિતા વિષય પર પીએચડી કરી રહ્યા છે. તેમનો શોધ નિબંધ પૂર્ણ થઈ ગયો છે. આ શોધ નિબંધ પૂર્ણ થઈ ગયો છે. આ શોધ નિબંધ તૈયાર કરવા માટે તેઓ વિહાર વેળાએ ગૌશાળા, સંતોના આશ્રમ ઉપરાંત માલધારીઓ સાથે પણ રહ્યા છે. ગાય વિષય પર એમની પાસે એટલું જ્ઞાન છે કે જો તેઓ ઈચ્છે તો ૧૨ વર્ષ સુધી રોજ ત્રણ કલાક સુધી ગૌમાતા પર વ્યાખ્યાન આપી શકે એમ છે. વળી, એક પણ દિવસ વિષય કે વાતનો પુનરાવર્તન ન થાય! વિશેષ બાબત તો એ

જેમને શિખામણની વધારે જરૂર હોય છે એમને એ ઓછી પસંદ હોય છે.

છે કે, અત્યાર સુધી ગૌમાતા પર લોકોએ માત્ર ભાષણો જ આપ્યા છે, પણ તેમની ઉપયોગીતાને વાસ્તવિક આકાર આપવામાં બહુ જ ઓછા લોકોએ પ્રયત્નો કર્યા છે. ત્યારે શ્રી દેવ રક્ષિતાજીએ ગાયો આપણી જિંદગીમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે તેને સાબિત કરી બતાવ્યું છે તેઓ કહે છે. આપણા શાસ્ત્રોમાં ૨૧ મહાક્રાંતિઓ ગણવામાં આવે છે તેનો આધાર ગૌક્રાંતિ છે. ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિની વાહક ગૌમાતા છે. પણ આધુનિક જીવન શૈલીમાં આપણે ગાયોને ભૂલી ગયા છે. આજે વધુ દૂધ મેળવવાની લ્હાયમાં ગાયને બદલે અન્ય પ્રાણીઓને પાલન કરવા લાગ્યા છીએ. એના પરિણામે ગૌ મહિમા, ગૌ મહાત્મ્ય ભૂલી ગયા છીએ.ગાયો કતલખાને ધકેલાઈ રહી છે. માત્ર કાયદા બનાવવાથી કશુ નહી થાય, જ્યાં સુધી કસાઈ માટે વૈકલ્પિક રોજગાર વ્યવસ્થા કરવી પડશે. જો ગૌવંશની ચામડી કારતૂસ પર લગાડવાના મામલે અંગ્રેજો સામે ૧૮૫૭ની ક્રાંતિ થઈ શકતી હોય તો અત્યારે ગાય માતાની કતલ થાય છે તો કેમ ક્રાંતિ ન થઈ શકે? તેવો વેધક પ્રશ્ન તે ઉઠાવે છે એટલે ગાયો કેવી રીતે ઉપયોગ થઈ શકે? તે બાબતો લોકો સુધી પહોંચાડી શકાય એવા હેતુથી ગૌમૂત્ર, ઘી (વલોણાનું) અને દૂધ ઉપર પ્રયોગો કરવાનું શરૂ કર્યું.

***સાભાર - શાસન જૈન સંદેશ***

# આજના કાળનો ચમત્કાર : આધુનિક યુવક-યુવતીઓ કેમ દીક્ષા લેવા તૈયાર થાય છે?

જૈન ધર્મના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી ભગવાને ભવિષ્યવાણી ભાખી હતી કે તેમના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ પૂરાં થશે તે પછી જૈન શાસનનો અભ્યુદય થશે. જૈન શાસનમાં છેલ્લા કેટલાક દાયકાઓથી જે મોટા પ્રમાણમાં દીક્ષાઓ થઈ રહી છે તે જોઈને લાગે છે કે ખરેખર જૈન ધર્મનો અભ્યુદય કાળ શરૂ થઈ ગયો છે. તમને કોઈ કહે કે આ દુનિયામાં એવી વ્યક્તિ શોધી કાઢો કે જે જિંદગીભર વીજળીનો ઉપયોગ ન કરતી હોય, વાહનમાં બેસતી ન હોય, જેની પાસે રહેવા માટે ગામમાં ઘર ન હોય, સીમમાં ખેતર ના હોય, જે બિલકુલ પૈસા કમાતી ન હોય, લગ્ન ન કરતી હોય, જેને પોતાનો કોઈ પરિવાર ન હોય, જેના પગમાં જૂતાં ન હોય, જેની પાસે રેશનકાર્ડ કે આધારકાર્ડ ન હોય, જેને પાસપોર્ટની જરૂર ન હોય, જેને દરજી, મોચી, હજામ, સુથાર, લુહાર, ઘાંચી, વણકર, કડિયો, ભરવાડ, કણબી વગેરે ૧૮ કોમની કોઈ જરૂર ન હોય તેમ છતાં તે સુખી હોય! જૈન સાધુ અને સાધ્વીજીના રૂપમાં આવી હજારો વ્યક્તિઓ આપણી આજુબાજુ જીવી રહી છે. ૨૫૦૦ વર્ષ પહેલાંનાં જૈન સાધુ સાધ્વીજી ભગવંતો જેવી જિંદગી તેઓ આજે પણ જીવતા હતા લગભગ તેવી જ સિમ્પલ જિંદગી તેઓ આજે પણ જીવી રહ્યા છે.

આજના કાળમાં જયારે ગ્લોબલ વોર્મિંગની વિકરાળ સમસ્યા પેદા થઈ છે ત્યારે પણ મિનિમમ કુદરતી સંશોધનોના

ઉપયોગ કરીને જીવવાની બાબતમાં દુનિયાએ જૈન સાધુ-સાધ્વીજી પાસેથી પ્રેરણા લેવા જેવી છે. જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો કદી પેટ્રોલ કે ડીઝલ વડે ચાલતાં વાહનમાં બેસતા નથી. માટે તેઓ પર્યાવરણને ઝેરી ધુમાડાઓથી પ્રદુષિત કરતા નથી. સાધુઓ ટી.વી. ફ્રીજ, ફેન, ટયુબલાઈટ, એ.સી. મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ, લિફ્ટ, ગીઝર વગેરે વીજળીથી ચાલતાં સાધનો નથી વાપરતા માટે ઉર્જાની બચત થાય છે. સાધુઓ પોતાની પાસે બિસલરીની બોટલ, પાણીના પાઉચ, ઝભલાં થેલી, પ્લાસ્ટીકના ગ્લાસ વગેરે રાખતા નથી, માટે તેમના થકી પ્લાસ્ટિકનો કોઈ કચરો થતો નથી. સાધુ રસ્તામાં ક્યાંય થૂંકીને ગંદકી ફેલાવતા નથી. તેઓ ફલશ ટાઈપના કે સાદા જાજરૂઓ પણ વાપરતા નથી, માટે તેઓ નદીનાં પાણીને પ્રદૂષિત કરવામાં નિમિત્ત બનતા નથી.

જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા વખતે જે પાંચ મહાવ્રતો ધારણ કરે છે, તેનું સ્વરૂપ પણ સમજવા જેવું છે. તેમનું પહેલું મહાવ્રત સર્વથા જીવહિંસાથી દૂર રહેવાનું છે.

આ મહાવ્રતનું પાલન કરવા તેઓ જિંદગીભર જેમાં જીવ હોય તેવા કાચા પાણીનો સ્પર્શ સુદ્ધાં કરતાં નથી. સ્નાન કર્યા વિના પણ બ્રહ્મચર્યના પ્રભાવને કારણે તેમની ચામડી સ્નિગ્ધ અને તેજસ્વી હોય છે. તેમને કદી મેક-અપની કે ડ્રેસ ડિઝાઈનરની જરૂર પડતી નથી. જૈન સાધુ કદી રાંધ્યા વગરનું અનાજ, સલાડ કે તાજાં ફળો ખાતા નથી, કારણ કે વનસ્પતિમાં પણ જીવ છે. તેઓ મરણાંતે પણ અસત્ય બોલતા નથી. તેમને જીવવા માટે રૂપિયાની જરૂર નથી, માટે કોઈનું ધન ચોરી લેતાં નથી. જૈન સાધુ સાધ્વીજી ભગવંતો દીક્ષા ગ્રહણ કરે ત્યાંથી મરણ પર્યંત સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે. ત્યાં સુધી કે સાધુ ભગવંતો પોતાનાં સંસારી અવસ્થાના માતુશ્રી, બહેન કે પુત્રીને પણ અડી શકતા નથી. જૈન સાધુ અપરિગ્રહનું વ્રત લેતાં હોવાથી તેઓ પોતાની પાસે કોઈ રૂપિયા, સોનું, ચાંદી, દાગીના, જમીન, ફ્લૅટ વગેરે રાખતા નથી. તેમનું બેંકમાં ખાતું નથી હોતું કે શેરમાં રોકાણ નથી હોતું, માટે સેન્સેક્સમાં વધઘટની ચિંતા તેઓ કરતાં નથી. તેમને દારૂ, સિગારેટ, તમાકુ, ગુટકા વગેરેની કોઈ જરૂર પડતી નથી. સમગ્ર ભારતમાં તેઓ પગપાળા જ વિહાર કરે છે.

તમામ પ્રકારની ભૌતિક સુખ સુવિધાઓ વગર પણ જૈન સાધુ સાધ્વીજી ભગવંતોના ચહેરા પણ કાયમ પ્રસન્નતા અને મનમાં પરમ શાંતિ જોવા મળે છે, તેનું કારણ એ છે કે તેઓ તમામ પ્રકારની અપેક્ષાઓથી મુક્ત થઈ ગયા છે, જે દુ:ખનું મુખ્ય કારણ છે. સમાજથી દૂર રહેવા છતાં તેઓ સમાજની નાડ બરાબર પારખે છે, માટે યુવાનોથી માંડીને બાળકોને અને વેપારીઓથી માંડીને ઓફિસરોને તેઓ મુંઝવણમાં સાચું માર્ગદર્શન આપી શકે છે. તેમની પાસે જ્ઞાનનો ખજાનો હોય છે. જેને જોઈને પંડિતો પણ પ્રભાવિત થઈ જાય છે. જૈન સાધુઓ અદ્ભુત કહી શકાય તેવી વક્તવ્ય કળાના સ્વામી હોય છે. હજારોની મેદનીને તેઓ ડોલાવી શકે છે

ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં ગૌતમ સ્વામીને દીક્ષા આપીને જૈન શ્રમણ સંઘ નામની સંસ્થા સ્થાપી હતી અને તેનું

જૂના કપડાંનો મોહ જતો રહે છે, પરંતુ જૂના થતાં શરીરનો મોહ ઘટતો નથી.

બંધારણ જૈન શાસ્ત્રોનાં રૂપમાં ઘડ્યું હતું. આ સંસ્થાનો મૂળ ઢાંચો આજે પણ જેમનો તેમ છે. આજે પણ હજારો જૈન સાધુ સાધ્વીજી ભગવંતો પંચમહાવ્રતોનું વફાદારીથી પાલન કરીને પોતાના આત્માનું અને જગતના જીવોનું સતત કલ્યાણ કરી રહ્યા છે. નવી પેઢીના સેંકડો યુવક યુવતીઓ આજે પણ ભગવાન મહાવીરના ઉપદેશનું શ્રવણ કરીને દીક્ષા ગ્રહણ કરી રહ્યા છે અને જગતમાં ચારિત્ર્યનો ડંકો વગાડી રહ્યા છે. આધુનિક શિક્ષણના રંગે રંગાયેલા સેંકડો યુવક યુવતીઓ દીક્ષા લેવા તૈયાર થાય છે તે પણ આજના કાળનો ચમત્કાર જ છે.

***સૌજન્ય : ટાઈમલી***

# ગાયના દૂધ-ઘી આરોગ્ય માટે શ્રેષ્ઠ

ગાયના દૂધ-માખણ-ઘીનો સોનેરી રંગ હોય છે. ગાયનાં ૬૦ લીટર દૂધમાં ૧ ગ્રામ સુવર્ણતત્ત્વ હોય છે. ગાયના દૂધ-ઘી-માખણ-ગો મૂત્રના સેવનથી માનવને ઓજસ અને તેજસની પ્રાપ્તી થાય છે. સ્ત્રી સહિત પૃથ્વીના તમામ સસ્તન પ્રાણીઓમાં સુવર્ણયુક્ત દૂધ આપનાર એકમાત્ર પીઠ પર ખુંધવાળી ગાય છે.

દેશી ગાયના પંચગોસતત્ત્વના નવ દિવ્ય ગુણ

**૧) ઓજસ (ઓજ):-** માનવ હૃદયમાં આઠ બુંદ પર ઓજ અને સમગ્ર શરીરના તમામ કોષોમાં ૫૦ ગ્રામ જેટલું અપરઓજ પ્રસરેલું હોય છે. એવો આયુર્વેદના શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. એ ઓજસ જ માનવનો પ્રાણ છે. શરીરમાંથી ઓજસ ખલાસ થતાં માનવનું તત્કાળ મૃત્યુ થાય છે.

માનવ શરીરમાં પ્રાણ, બળ, વીર્ય, આંખોનું તેજ અને યૌવન આ ઓજસને આભારી છે. આ ઓજસ તત્ત્વ રોગપ્રતિકારક શક્તિનો મૂલાધાર છે. ઓજસ્વી મનુષ્ય નીરોગી, કાર્યરત, લાંબુ જીવન જીવે છે.

**૨) તેજસ:-** તેજસ તત્ત્વ માનવતાની તમામ ઈન્દ્રિયો અને અંગો, હાથ, પગ, આંખ, કાન, નાક, મુખ, ત્વચા, ગળુ, મગજ, હૃદય, ફેફસાં, લીવર, કીડની, પાચનતંત્ર રૂધિરાભિસરણ તંત્ર, ચેતાતંત્ર અને પ્રજનનતંત્ર સહિત તમામ અંગોની શક્તિને પૂર્ણ વિકસાવવી આજીવન કાર્યરત રાખે છે. ઓજસ અને તેજસથી માનવની સ્મૃતિ, બુદ્ધિ, ધૃતિ પૂર્ણ વિકાસ પામે છે. તેજસ તત્ત્વથી માનવના સ્વરનું ઉચ્ચારણ શુદ્ધ થાય છે. તેજસથી માનવ મનોબળવાન થાય છે. બુદ્ધિબળ અને મનોબળથી માનવ શ્રેષ્ઠ બને છે.

**૩) બુદ્ધિવર્ધક :-** આપણા અનેક ઋષિઓએ અસંખ્ય સંશોધનોથી તારણો આપ્યા કે ગાયના દૂધ-ઘી-માખણ-દહીં-છાશ અને ગોમુત્રથી મનુષ્ય પ્રજ્ઞાવાન અને મેધાવી થાય છે.

**૪) સમત્ત્વ:-** તમામ ખાદ્યપદાર્થો અને પ્રાણીઓના દૂધમાં ગાયનું દૂધ માનવ શરીરના બંધારણને સૌથી વધુ મળતું આવે છે. જેથી ગાયનું દૂધ-છાશ-ઘીથી માનવશરીરને કોઈ જ હાનિ થતી નથી અને મહત્તમ પોષણ મળે છે. જેથી માનવના શરીર-મન-બુદ્ધિ-હૃદયનો શ્રેષ્ઠ વિકાસ થાય છે.

**૫) સુપાચ્યતા:-** ગાયનું આંતરડું ૧૬૦થી ૧૮૦ ફૂટ લાંબુ છે. એથી ગાયની પાચનક્રિયા

સ્વર્ગ નામનું જો કોઈ સ્થળ હોય તો ત્યાં પહોંચવાના માર્ગનું નામ છે 'પ્રેમ'.

સૌથી લાંબી અને સૂક્ષ્મ છે. ગાયના દૂધ-ઘી-છાશના અણુઓ સાવ સૂક્ષ્મ હોવાથી ખૂબ સહેલાઈથી પચે છે. ગાયના દૂધ-ઘી-છાશ બાળકથી વૃદ્ધ, સગર્ભા, સુસાવડી સ્રી અને બીમાર મનુષ્યને સરળતાથી પચે છે.

**૬) ટ્રાન્સફેટિ એસિડઃ-** તૈલી પદાર્થોમાં ૩ ટકાથી વધુ ટ્રાન્સફેટિ એસીડ હોય તો એ ખાવાથી શરીરની નાડીઓમાં કોલેસ્ટ્રોલ જામી હૃદયરોગ થાય છે. ભેંસના ઘીમાં ૪ ટકા અને તેલમાં સરેરાશ ૪.૫ ટકા ટ્રાન્સફેટિ એસીડ હોય છે. આથી એ બંને પદાર્થો હૃદયરોગ કરે છે. જ્યારે ગાયના ઘીમાં ૧.૫ ટકા ટ્રાન્સફેટિ એસીડ હોય છે.

**૭) પવિત્રઃ-** તમામ પ્રાણીઓના મૂત્રમાં માત્રને માત્ર ગોમૂત્રને ઋષિઓએ પવિત્ર કહ્યું છે અને નિત્ય સેવનની સલાહ આપી છે. અનેક ઔષધમાં અને ઔષધોને શુદ્ધ કરવામાં પણ ગોમુત્ર વપરાય છે. પવિત્ર એટલે પૂર્ણ શુદ્ધ અને ગુણકારી

**૮) ઉત્તમ સંતતિદાતાઃ-** નિત્ય ગાયના દૂધ-ઘી-માખણ-છાસનું સેવન કરનારને ત્યાં ઉત્તમ સંતાનો જન્મે છે અને તેના સંતાનોને ત્યાં પણ અવશ્ય સંતાન જન્મે છે.

**૯) દિવ્ય આત્માઃ-** વેદો કહે છે કે, ગાય ભાંભરવાના અવાજથી વાતાવરણ દિવ્ય બને છે. ગાયના છાણાં અને ઘીના દીપકથી પંચ મહાભૂતની શુદ્ધિ થાય છે. ગાય અને તેના પંચગવ્ય પૃથ્વીના અન્ય તમામ પ્રાણીઓનાં દૂધ-ઘી કરતાં આ નવ વિશિષ્ઠ ગુણો ધરાવે છે.

***શાસન જૈન સંદેશમાંથી સાભાર***

# જૈન આહાર પદ્ધતિથી અધ્યાત્મ સુધી

એકવીસમી સદીમાં જવા ઉતાવળું થઈ રહેલું વિશ્વ આજે જાતજાતના રોગોથી ઘેરાઈ રહ્યું છે. લોકોનું જીવન ભયંકર માનસિક વિકૃતિઓ અને અશાંતિ તરફ ધકેલાઈ રહ્યું છે. જેની પાસે દુનિયાની ઉત્કૃષ્ટ મેડીકલ સુવિધાઓ છે એવું અમેરિકા સૌથી વધારે દુઃખી છે. ત્યાંની વસતિના અડધોઅડધ લોકો અસાધ્ય વ્યાધિઓથી પીડાઈ રહ્યા છે. કાચી ઉંમરમાં લોકો હાર્ટઍટેક, બ્રેઈન હેમરેજ, ડાયાબિટિશ અને જાતજાતના ફીવરથી ઉપડવા મંડ્યા છે. એઈડ્ઝ, સ્વાઈન ફ્લુ, ચીકનગુનીયા, પ્લેગ, ડીપ્રેશન જેવી સામૂહિક બીમારીઓ સરકારને પણ હંફાવી રહી છે. મોટી મોટી હૉસ્પિટલમાં પણ દર્દીઓ માટે હાઉસફુલના પાટીયા લાગી જાય એવી પરિસ્થિતિઓ પણ ક્યારેક સર્જાય છે. એક બાજુ નવા-નવા સંશોધનો બહાર આવી રહ્યાં છે. બીજી બાજુ આ રોગોના આક્રમણ માટે બગડેલું વાતાવરણ, સાફ થતાં જંગલો, દારૂ અને માંસનો વધી રહેલો વ્યાપ, નશાખોરી, અત્યંત વિલાસી જીવનોને જવાબદાર માનવામાં આવી રહ્યા છે. પણ લોકો હજુ આ બધાય કારણોમાંથી અટકવાનું નામ લેતા નથી. દારૂ બેફામ પીવાય છે તેમ લોકોના લીવર અને કીડની કાચી ઉંમરે ફેઈલ થઈ રહ્યા છે. દારૂ બેફામ-માંસાહાર કરનારને અનેક જાતના અસાધ્ય રોગોએ ઘેરી લીધા છે. દુનિયામાં હવે શાકાહારનો

પ્રચાર જોરશોરથી થવા લાગ્યો છે. લાખો લોકો માંસાહાર છોડી શરીરનું આરોગ્ય મેળવવા શાકાહારના પ્રયોગો કરી રહ્યા છે. પરંતુ જ્યાં સુધી માણસ રોગના મૂળ સુધી તપાસ કરશે નહિ ત્યાં સુધી રોગરૂપી ફૂલ-પાન ફાલ્યા જ કરવાના છે. રોગના મૂળમાં ગયા પછી તે મૂળીયાંને જ કાઢવાના ઉપાયો વિચારવા જોઈએ.

**સર્વ રોગોનું મૂળ મન છે...**

મેડીકલ સાયન્સ જે પૂર્વે રોગોના કારણ તરીકે પ્રદુષણ, પર્યાવરણ, વાયરસ, જર્મ્સ જણાવતું હતું છતાં તેને નાબુદ કરવાના અનેક પ્રયત્ન પછી રોગો નાબૂદ થયા નથી. એક યા બીજા રૂપે રોગો પોતાનો પંજો પસારતા જ રહ્યા છે. એન્ટિકબાયોટીક દવાઓની આડઅસરથી હજારો-લાખો લોકો નવા રોગોમાં સપડાય છે. લેટેસ્ટ સંશોધનોમાં આધુનિક સાયંસે આ બધાની સાથે મનને પણ રોગોનું કારણ સ્વીકાર્યું છે અને પ્રથમ મનને સ્વસ્થ કરવાના ઉપાયોમાં વિજ્ઞાન લાગી ગયું છે. વધુ પડતો ગુસ્સો, તીવ્રલોભ, તીવ્રકામ, ઈર્ષા, અહંકારથી પણ રોગો શરીરમાં આવે છે. તે હવે તમારે માન્યા વિના છૂટકો નથી. માણસનું મન, લાગણીઓ, વૃત્તિઓ, શરીરમાં રહેલ ઈમ્યૂન સીસ્ટમને બ્રેક કરે છે. તેનાથી શરીર રોગોનો પ્રતિકાર કરી શકતું નથી. થાકીને માણસ રોગ કાઢવા કોઈ જાદુઈ પદ્ધતિની રાહ જોઈ રહ્યો છે.

**મનની સ્વીચ ઑફ કરી શકાતી નથીઃ**

દરેક માણસ પીસ ઑફ માઈન્ડને ઝંખી રહ્યા છે. દરેકને મનની શાંતિ જોઈએ છે. દરેકને મનની ચિંતાઓ દૂર કરીને ફ્રેશ થવું છે, પણ તે કામ સ્વીચ ઑફ કરીએ અને પંખો બંધ થઈ જાય તે રીતે કરવું છે. બસ! મંત્રજાપ કરીએ ને ચિંતા ઑફ થઈ જાય, માઈન્ડ ફ્રેશ થઈ જાય. દરેકને ઈંસ્ટંટ અને ઈમીજી એટલી ઈલાજ જોઈએ છે, જે બનવું શક્ય નથી.

સર્વ રોગોનું મૂળ મનમાં પડ્યું છેઃ

સાયંટિસ્ટોએ ડેપ્થ સાયકોલૉજીનો કોન્સેપ્ટ વિકસાવ્યો છે. તે લોકો મનના એકેક તરંગને ચેક કરી રહ્યાં છે. આખું મેડિકલ સાયંસ કરવટ બદલી રહ્યું છે, આધુનિક તબીબી વિજ્ઞાન હવે શરીરના સીમટોમ્સને બદલે માણસના નેચરને તપાસીને દવા આપવાની ભલામણ કરે છે. ટૂંક સમયમાં ઘણા બધા રોગના નિદાન કાદચ માણસના સ્વભાવ પરથી કરવામાં આવશે અને દવાઓ પણ દર્દને દૂર કરવાને બદલે માણસના સ્વભાવને કન્વર્ટ કરે એવી બજારમાં મૂકાશે. મનને અણુની, પરમાણુની અને વાયુની ઉપમાઓ આપવામાં આવી છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે, વાયુરેવ સુદુષ્કરમ્ મનને પકડવાનું કામ વાયુને મુઠ્ઠીમાં પકડવાનું કામ વાયુને મુઠ્ઠીમાં પકડવા જેવું દુષ્કર છે.

મનને કંટ્રોલમાં રાખવાનું કામ મુશ્કેલ છે. આ કાર્ય પાર પાડવા માટે છેક ઊંડા ઉતરીને મનનું મૂળ ક્યાં પડયું છે તે શોધવું પડશે. હું કહીશ પણ તમે નહિ માનો. તમે કહેશો કે આવું તે હોતું હશે? પણ માનવું પડશે. જ્ઞાનીઓએ કહ્યું છે, શાસ્ત્રોમાં નોંધ્યું

છે અને આજના વિજ્ઞાને હવે હારી થાકીને જૈનીઝમની એ વાતને સ્વીકારી છે.

**મનનું મૂળ ક્યાં છેઃ**

જૈનદર્શન કહે છે કે, મનનું મૂળ જીભમાં પડ્યું છે. જેની રસના કંટ્રોલમાં ન હોય તેનું મન કંટ્રોલમાં ન હોય. મન અને જીભની ડાયરેક્ટ લાઈન ચાલે છે. ભોજન અને વિચારની હોટલાઈન ચાલે છે.

